**SAURASHTRA UNIVERSITY**

**[ Accredited Grade "A" By NAAC ]**

**[ C G P A 3:05 ]**

વિષય :- એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ વર્ષ – ૨૦૧૬ - ૨૦૧૭ CBCS

પરિપત્ર :

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીઓને તથા અનુસ્નાતક કેન્દ્રનાં ઇન- ચાર્જશ્રીઓને તેમજ માન્ય સંસ્થાના વડાઓને સવિનય જણાવવાનું કે, જુન-૨૦૧૦ થી C.B.C.S. સેમેસ્ટર પધ્ધતિ અમલમાં આવેલ છે. પ્રથમ વર્ષ/સેમેસ્ટરમાં પ્રથમ વાર દાખલ થનાર વિદ્યાર્થીઓએ ઓર્ડિનન્સ-૮૮ (૧) એ. બી. ( ૨) એ.બી.સી.ડી. તથા ૮૮ ( 3) એ.બી.સી.ડી. અનુસાર એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ કરાવવું ફરજિયાત છે.

| | |
|---|---|
| **Enrollment** | **(After 12th )** |
| **Enlistment** | **(After Graduate)** |

1. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણિજ્ય, કાયદા, પરફોર્મીંગ આર્ટસ, શિક્ષણ, ગ્રામવિદ્યા વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, આ યુનિવર્સિટીનાં ઓર્ડિ. ૮૮ (3) (એ) (બી) (સી) (ડી) અનુસાર બેચલર ઓફ લાયબ્રેરી સાયન્સ, બી.જે.એમ.સી., ફર્સ્ટ એલ.એલ.બી., ડિપ્લોમા ઇન લેબરલોઝ તથા ડિપ્લોમા ઇન ટેક્ષેશન લોઝ, ડિપ્લોમા ઇન કોમ્પ્યુટર સાયન્સ, ડિપ્લોમા ઇન ચારણી સાહિત્ય, અને અન્ય આ પ્રકારના કોર્ષના પ્રથમ સેમેસ્ટરમાં પ્રથમ વાર દાખલ થતાં વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીનું એન્લીસ્ટમેન્ટ C.B.C.S. સેમેસ્ટર પધ્ધતિ મુજબ કરાવવાનું રહેશે.

2. ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડ માંથી ધોરણ ૧૨ ની પરીક્ષા પાસ કરીને આ યુનિવર્સિટીમાં પ્રથમ સેમેસ્ટરમાં **B.A., B.P.A., B.S.W., B.A.I.D., B.Com., B.R.S., B.Sc., B.C.A., B.Sc. (IT), M.Sc.(E.C.I), B.Sc. (Nursing), MPM, B.H.M.S., M.B.B.S., B.Physio., B.D.S., D.P.H.S., B.A.S.L.P., D.F.Tech., B.A.L.L.B.** વગેરે માં પ્રથમ સેમેસ્ટરમાં પ્રથમ વાર દાખલ

થતાં વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીનું એનરોલમેન્ટ C.B.C.S. સેમેસ્ટર પધ્ધતિ મુજબ કરાવવાનું રહેશે .

3. એકેડેમિક વિભાગ ના પત્ર નં.એકે/સમકક્ષતા/૧૦૮૮/૨૦૧૫ તા.૨૪-૧૧-૨૦૧૫ અને પરીક્ષાસેલ/પ્રોવિઝનલ એલિજિબિલિટી/૫૮/૨૦૧૬ તા.૧૨/૦૫/૨૦૧૬ જે એકઝામીનેશન સરક્યુલર માં મૂકેલ છે. તે મુજબ પ્રથમ વર્ષ ના અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવવા માટે COBSE ની મેમ્બરશીપ મેળવેલ હોય તેવા બોર્ડ ના વિદ્યાર્થીઓ ને પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ મેળવવા માટે એલિજિબલ ગણાશે.

4. ઓર્ડિનન્સ ૮૮(૩) (સી) અનુસાર જે વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડ તેમજ આ યુનિવર્સિટી સિવાયની પરીક્ષા પસાર કરી, ઉપર દર્શાવેલ કે તેના જેવા અભ્યાસક્રમમાં નિયમિત વિદ્યાર્થી તરીકે જોડાવું હશે, તેવા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ મેળવવાનું રહેશે, તેમજ ઓર્ડિનન્સ – ૯૦ અન્વયે અન્ય યુનિવર્સિટી / બોર્ડ માંથી આવતા વિદ્યાર્થીએ, જે તે અભ્યાસક્રમમાં પ્રવેશ યોગ્યતા ધરાવતા હોઇ અને તે અંગેનું આ યુનિવર્સિટીનું કામચલાઉ પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવેલ હોઇ, તો જ આચાર્યશ્રીઓએ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. પ્રવેશ સંબંધી જે તે અભ્યાસક્રમની જરૂરીયાત સંદર્ભે ચકાસણી કર્યા બાદ જ આચાર્યશ્રીએ આવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે, અને ગુજરાત સરકારશ્રીના ઠરાવ નં. મશબ/૧૨૧૧/૫૯૦/છ તા.૨-૬-૨૦૧૧ સચિવાલય ગાંધીનગરના ઠરાવની અમલવારી અંગે તા. ૧૨-૭-૨૦૧૧ ની પરીક્ષા સમકક્ષતાની સભામાં સરકારશ્રીના ઠરાવનો સ્વીકાર કરવામાં આવેલ, તે અંગેનો પરિપત્ર www.saurashtrauniversity.edu લીંક ઉપર એક્ઝામીનેશનમાં એક્ઝામીનેશન સરક્યુલર નામમા ફોલ્ડરમાં મૂકેલ છે. તે મુજબ ટેકનીકલ બોર્ડમાંથી ડિપ્લોમા એન્જીનિયરીંગ, પરીક્ષા પાસ કરીને આવતા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ ત્રીજા (૩) સેમેસ્ટરમાં અથવા અન્ય યુનિવર્સિટીમાંથી આનુષાંગિક પરીક્ષા પાસ કરીને આવતા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ પાંચમા (૫) સેમ.માં કરાવવાનું રહેશે , ધોરણ ૧૦ પાસ કર્યા બાદ આઇટીઆઇ માન્ય અભ્યાસક્રમ (NCVT) (GCVT) પાસ કરીને માન્ય બોર્ડ અથવા ઓપન સ્કૂલમાંથી ધોરણ ૧૨ ની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ પહેલા (૧) સેમ.માં કરવાનું રહેશે. અને તેની અલગથી એન્ટ્રી કરી તેનો ફી મેમો અલગથી સેમેસ્ટર ૩ અને ૫ મુજબ ભરવાનો રહેશે તે અંગેની જવાબદારી કોલેજ ની રહેશે.

5. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ થી એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ વિગતની એન્ટ્રી માટેની વ્યવસ્થા નીચે દર્શાવ્યા પ્રમાણેની રહેશે.

| ક્રમ | બાબત | રેગ્યુલર ફી સાથે એન્ટ્રી સ્વીકારવાની તારીખ | લેઇટફી સાથે એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે એન્ટ્રી સ્વીકારવાની છેલ્લીતારીખ |
|---|---|---|---|---|
| ૧ | એનરોલમેન્ટ/ એન્લીસ્ટમેન્ટ એન્ટ્રી (હાલ સેમેસ્ટર – ૧ માટે) | રૂા. ૧૦૦/- સાથે તા. ૦૯/૦૬/૨૦૧૬ થી તા. ૨૦/૦૭/૨૦૧૬ | રૂા ૧૦૦+૫૦૦=૬૦૦ તા. ૨૧/૦૭ /૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૬ | રૂા.૧૦૦+૫૦૦+૧૫૦૦ તા. ૦૧/૦૮/૨૦૧૬ થી તા. ૦૫/૦૮/૨૦૧૬ |
| ૨ | સેમેસ્ટર-૩ અને ૫ માટે | રૂા. ૧૦૦/- સાથે તા.૦૯/૦૬/૨૦૧૬ થી તા.૨૦/૦૭/૨૦૧૬ | રૂા.૧૦૦+૫૦૦=૬૦૦ તા. ૨૧/૦૭/૨૦૧૬ થી તા. ૩૧/૦૭/૨૦૧૬ | રૂા.૧૦૦+૫૦૦+૧૫૦૦ તા.૦૧/૦૮/૨૦૧૬ થી તા. ૦૫/૦૮/૨૦૧૬ |
| ૩ | પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ મેળવવા માટેના ફોર્મ | રૂા. ૧૫૦/- સાથે તા.૦૧/૦૬/૨૦૧૬ થી તા.૧૮/૦૭/૨૦૧૬ | રૂા.૧૫૦+૫૦૦=૬૫૦ તા.૧૯/૦૭/૨૦૧૬ થી તા.૨૮/૦૭/૨૦૧૬ | રૂા.૧૫૦+૫૦૦+૧૫૦૦ તા.૨૯/૦૭/૨૦૧૬ થી તા.૦૨/૦૮/૨૦૧૬ |

**6.** શૈક્ષણિક વર્ષ જુન ૨૦૧૬-૨૦૧૭ થી **C.B.C.S.** સેમેસ્ટર પધ્ધતિ મુજબ એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ કરવા અંગે નીચે મુજબના મુદ્દાઓને ધ્યાનમાં રાખવાના રહેશે , અને તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1. **B.A., B.Com., B.R.S., B.S.W., B.A.ID., B.P.A , B.Sc., B.C.A., B.Sc. (IT), M.Sc.(E.C.I)., B.Sc. (Nursing) , B.H.M.S., M.B.B.S., B.Physio., B.D.S., D.P.H.S., B.A.S.L.P., D.F.Tech., B.B.A., B.Sc.(H.Sc.), B.B.A./B.A.L.L.B., P.G.D.C.A. , P.G.D.H.H.M., P.G.D.H.M., B.ed., C.C.D.T., B.A.B.ed., B.Voc.(ACT) ,B.Voc(MLMDT), M.P.M., B.Sc.(Fst).,** વગેરે અભ્યાસક્રમના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરમાં દાખલ થતાં વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ **C.B.C.S.** (ચોઇસ બેઇઝ ક્રેડીટ સિસ્ટમ) સેમેસ્ટર પધ્ધતિ અમલમાં આવેલ હોવાથી તેની એન્ટ્રી **GIPL** સોફ્ટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે. તેની વેબ લીંક આ મુજબની છે,:- **www.saurashtrauniversity.co.in** તેથી દરેક કોલેજ/ભવને ઇન્ટરનેટ મારફત **Online** પ્રોગ્રામમાં લોગીન કર્યા બાદ એન્ટ્રી કરવાની રહેશે.

2. **L.L.B.** અભ્યાસક્રમ એકેડેમિક કાઉન્સીલ ની તા.૩૦-૩-૧૫ ની સભામાં આઇટમ નં ૩૩૦ માં થયેલ ઠરાવ મુજબ ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ ન હોઇ તેવા વિદ્યાર્થીઓ માટે BCI રુલ્સ ૨૦૦૮ મુજબના કુલ "૨૮" વિષયનો અભ્યાસ પૂર્ણ કરવાનો રહે તે માટે વર્ષ ૨૦૧૫-૧૬ થી સેમ. ૩ અને સેમ. ૪ ના ખૂટતા વિષયો પસંદ કરવાના રહેશે અને પસંદ કરાયેલ વિષયોની સોફ્ટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે અને સેમ. ૫ માં તેમનું એનલીસ્ટમેન્ટ કરવાનું રહેશે અને આ રીતે અપાયેલ પ્રવેશ BCI ન્યુ દિલ્હીની એપ્રુવલને આધીન રહેશે તેવો બાંહેધરીપત્ર સંલગ્ન કોલેજે પ્રવેશાર્થી પાસેથી મેળવ્યા બાદ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાવવાની રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. BCI રુલ્સ ૨૦૦૮ મુજબ ૪૫% થતા હોઇ તે વિદ્યાર્થીનું જ સેમ. ૧ માં એનલીસ્ટમેન્ટ કરવાનું રહેશે, તેઓના એન્લીસ્ટમેન્ટ ફોર્મની ઓનલાઇન એન્ટ્રી સાથે બાંહેધરીપત્રની નકલ અત્રેના વિભાગમાં મોકલવાની રહેશે.

3. ડબલ ગ્રેજ્યુએશનમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ **B.A.** માં સેમ. – ૩ અથવા ૫ માં એન્ટ્રી **GIPL** સોફ્ટવેર કે જેમાં એનરોલમેન્ટ ફોર્મની સાથોસાથ સેમ. ૩, ૪ ના શરતી વિષયોની ઓનલાઇન એન્ટ્રી પણ કરવાની રહે છે , અને કોલેજના આચાર્યશ્રીએ નં. એકે/બીએસ/ **CBCS**/૧૪૬/૨૦૧૨ માં આપેલ નિયમ મુજબ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓને જે તે ફેકલ્ટીના આગલા ત્રીજા (૩) અને ચોથા (૪) સેમેસ્ટરના **CBCS** સિલેબસ મુજબના વિષયો સત્રો ભર્યા વગર પાસ કરવાના રહેશે.

નોંધ : ઉક્ત પેટા મુદ્દા નં.૨ અને ૩ અંગે **GIPL** સોફ્ટવેરમાં હાલ નવા સુધારાઓ થઇ રહેલ છે જેથી હાલ ઉક્ત મુદા નંબર – ૨ અને ૩ નાં ખૂટતા વિષયો ની વિગત કોલેજે પોતાના લેટરપેડ ઉપર વિષયો લખી પરીક્ષાસેલ વિભાગ માં આપવાના રહેશે. જેથી તેની ઓનલાઇન એન્ટ્રી પરીક્ષાસેલ વિભાગ દ્વારા કરવામાં આવશે.

**Enroll/Enlistment પરિપત્રની ખાસ સૂચના :**

1 કોલેજ એનરોલમેન્ટ/એન્લીસ્ટમેન્ટ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી શકશે.

2 **Intake** કેપેસીટી હોઇ તેટલા જ **Enroll/Enlistment** ફોર્મની **Online** એન્ટ્રી **(save)** કરવી તેની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

3 **Enroll/Enlistment** ફોર્મની એન્ટ્રી કરતી વખતે નામમાં સ્પેલીંગ ભૂલ હશે તો તેમાં સુધારો કરવા અંગે નિયત ફી રૂા. ૧૦૦/- ભરવાની રહેશે.

4 ફોટો જે વિદ્યાર્થીનો હોઇ તે નામમાં જ **save** કરવો. તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ **3.5 cm *3.5 cm** કલર ફોટો તથા સફેદ બ્રેકગ્રાઉન્ડ વાળો ફોટો જ માન્ય રહેશે. ફોટાનું **JPG** ફોર્મેટ જ માન્ય રહેશે તથા તેની સાઇઝ વધુમાં વધુ **(100 kb size)** હોવી જોઇએ અન્યથા આ ફોર્મ માટે ક્વેરી રિપોર્ટ જનરેટ થશે. તે જ ફોટો વિદ્યાર્થીની માર્કશીટમાં આવશે અને તેની જાણ વિદ્યાર્થીને કરવી. જે ફોટો અપલોડ થયેલ હશે, તે ફોટો જ માર્કશીટમાં આવશે, ત્યારબાદ માર્કશીટમાં ફોટો સુધારવા માટે પરીક્ષા સેલ વિભાગ મારફત થયેલ પરિપત્ર નં પરીક્ષા સેલ/૨૭૬/૨૦૧૫ તા.૩૦-૩-૧૫ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.. આ અંગેનો પરિપત્ર **www.saurashtrauniversity.edu** લીંક ઉપર એક્ઝામીનેશનમાં એક્ઝામીનેશન સરક્યુલર નામમા ફોલ્ડરમાં મૂકેલ છે.

5 વિદ્યાર્થીના મોબાઇલ નંબર ની એન્ટ્રી સાચી અને ખાસ ધ્યાન રાખીને કરવી.( આંકડા માં ભૂલ ન થાય તે રીતે) કારણ કે તે મોબાઇલ નંબરમાં વિદ્યાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

6 કોલેજે વિદ્યાર્થીઓના નામ તથા ફોટાવાળું **Enroll/Enlistment no.** નું ચેકલીસ્ટ નોટીસબોર્ડમાં ખાસ મૂકવાનું રહેશે અને તે અંગે ખરાઇ અર્થે વિદ્યાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

7 **Other Board/Other University** ના વિદ્યાર્થીઓનું પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફીકેટ મેળવીને જ **Enroll/Enlistment (Online Entry)** કરાવવી ફરજિયાત છે. જો તે પ્રમાણે કાર્યવાહી નહી કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે અને તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

8 કોલેજ દ્વારા મંજૂર થયેલ ઇન્ટેકની મર્યાદામાં **Online Entry** કરેલ હોઇ તેને સર્ટિફાઇડ કરીને હાર્ડકોપીમાં ચેકલીસ્ટ (વિદ્યાર્થીની સહી સાથે) સાથે ફાઇલમાં ફાઇલીંગ કરીને અત્રેના વિભાગમાં નિયત સમયમાં જમા કરાવવાની રહેશે.

9 વિદ્યાર્થીએ ફોર્મમાં જે વિગતો આપેલ હોઇ તે ચકાસીને પ્રોગ્રામમાં **Online Entry** કરવી.

10 એન્ટ્રી પૂરી થયા બાદ દરેક કોલેજ/ભવને ચેકલીસ્ટની પ્રિન્ટ કાઢી, તે પ્રિન્ટનું કમ્પેરીંગ કરી લેવાનું રહેશે,જો કોઇ ભૂલ હોઇ તે સુધારી લેવી, અને ત્યારબાદ વિદ્યાર્થીના ધ્યાને મૂકી તેમની સહી પણ લેવાની રહેશે અને ૩૦-૩૦ ના બંડલમાં ફાઇલ કરીને પરીક્ષા સેલ વિભાગમાં આપવાની રહેશે.

11 એન્ટ્રી કર્યા બાદ જરૂરી સુધારો સમય મર્યાદામાં કરવાનો રહેશે. છેલ્લી તારીખ બાદ સુધારો શક્ય થશે નહી, ત્યારબાદ પણ નામમાં સ્પેલીંગભૂલ તથા ફોટામાં સુધારા માટે આવશે તો તેની નિયત કરેલ ફી ભર્યા બાદ સુધારો કરવામાં આવશે.

12 **Enroll/Enlistment Slip** (ફી ની વિગત માટેનું પત્રક) સેમેસ્ટર -૧, સેમેસ્ટર -૩ તથા સેમેસ્ટર – ૫ ના અલગ અલગ પત્રક જનરેટ કરીને તેની પ્રિન્ટ કાઢીને બાદમાં કોલેજે

Fee Advice પરીક્ષા સેલ વિભાગમાં નિયત પત્રક મુજબ જે તે વિભાગની સહી કરાવી કેશ વિભાગમા ફી (દિવસ ત્રણમાં) જમા કરાવીને પરત કરવાનું રહેશે.

13 જે વિદ્યાર્થીનું કાયમી સરનામું કોલેજ દ્વારા **Online Entry** કરવામાં આવશે તે જ સરનામે વિદ્યાર્થીને ભવિષ્યમાં ડીગ્રી પ્રમાણપત્ર મોકલવામાં આવશે, આથી કાયમી સરનામા ની એન્ટ્રી કરતી વખતે ખાસ કાળજી રાખવાની રહેશે .

14 **Enroll/Enlistment** ની **GIPL** સોફ્ટવેરમાં એન્ટ્રી કરવાની રહે છે,ફોટા સિવાયના અન્ય જેવા કે માર્કશીટ, જાતિના પ્રમાણપત્ર, એલસી સર્ટિ. વગેરે ડોક્યુમેન્ટ સ્કેન કરવાના નથી.

15 સમયાંતરે કોલેજે ક્વેરી જોવાની રહેશે અને તે અંગેની સમયમર્યાદામાં પૂર્તતા કરવાની રહેશે. આ કાર્યવાહી અંગે કોઇપણ પ્રકારની જાણ કોઇપણ પ્રકારના માધ્યમ દ્વારા નહી કરવામાં આવે.

16 **Enroll/Enlistment અંગે ઓન લાઇન એડમીશન પ્રક્રિયા માં ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર ના પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦-૮-૨૦૧૫ મુજબ દરેક વિદ્યાર્થીઓના આધાર નંબરની વિગતની કોલમમાં આધરનંબર નાખવાના રહેશે.**

17 એનરોલમેન્ટ/એનલીસ્ટ ફોર્મ જમા કરાવવા આવતી તમામ કોલેજે જે – તે ફેકલ્ટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવેલ છે તે અંગેની કોલેજના આચાર્યશ્રીએ બાંહેધરીપત્ર આપવાનો રહેશે.

18 એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ ફોર્મ માં કોઇ ક્વેરી હશે તે ફોર્મ તથા વિદ્યાર્થીના નામ અને કવેરી જે હશે તે ઓનલાઇન ક્વેરી રિપોર્ટ માં દર્શાવવામાં આવશે. જેથી કોલેજે ઓનલાઇન ક્વેરી રિપોર્ટ ચેક કરતા રહેવું અને તેની પૂર્તતા સત્વરે કરવી.

ખાસ સૂચના:

**Enroll/Enlistment Slip** (ફી ની વિગત માટેનું પત્રક) તેની પ્રિન્ટ કાઢીને લાવનાર કોલેજના ફોર્મ જમા લેવાશે તેમજ તેના **Enroll/Enlist** નંબર જનરેટ થશે. જો જે તે વિદ્યાર્થીના એનરોલમેન્ટ/એનલીસ્ટ નંબર જનરેટ ના થયા હોય અને કોલેજ વિદ્યાર્થીની ફી લઇને એડમિશન આપી દે તો તે અંગેની સઘળી જવાબદારી કોલેજઆચાર્યશ્રીની રહેશે. જેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પરીક્ષા સેલ વિભાગનો **E mail : examcell6@gmail.com**

**ઓનલાઇન એન્ટ્રી યુનિવર્સિટીની આનુષાંગિક વેબસાઇટ :**

- **www.saurashtrauniversity.co.in** અથવા
- www.saurashtrauniversity.edu ના Home page પર CBCS Exam CMS Software લીંક પર લોગીન કરવાથી કાર્યવાહી પૂર્ણ કરી શકાશે.

પરીક્ષા નિયામક

**નં. પરીક્ષાસેલ/એનરોલ/એન્લીસ્ટ/ ૬૯ /૨૦૧૬**
**પરીક્ષાસેલ વિભાગ**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,**
**યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ**
**રાજકોટ-૩૬૦૦૦૫**
**તા. ૨૪ /૦૫ /૨૦૧૬**

**પ્રતિ,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના વડાઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તરફ.............**

**નકલ રવાના:-**
**(૧) માન. કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી**
**(૨)મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબ વિભાગ(૩) ઓડિટરશ્રી ઓડિટ વિભાગ (૪) કેશ વિભાગ (૫)જોડાણ વિભાગ (૬) એકેડેમિક વિભાગ (૭) GIPL(૮) MLX (૯) શારિરીક શિક્ષણ વિભાગ (૧૦) પરીક્ષા વિભાગ ૧,૨,૩,૪,૫,એક્ષ્ટર્નલ વિભાગ**